**CRIMINAL CASE NO.  197397-2025**

# આંક-૦૧ લગત હુકમ

સદર કામે ફરિયાદપક્ષે હાલની ફરિયાદ રજુ કર્યા બાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી દરમિયાન ચાલતા કામે ફરિયાદપક્ષે ફરિયાદીને આરોપી સાથે સમાધાન થઈ જતા **આંક-૧૦** થી વિડ્રો પુરસીસ રજુ કરી હાલની ફરિયાદ આ તબક્કે આગળ ચલાવવા માંગતા ન હોય, વિડ્રોઅલથી પરત ખેંચવા માંગે છે.

ફરિયાદીની ફરિયાદ અને કેસનાં સંજોગો ધ્યાને લેતા આ કામનાં ફરિયાદપક્ષે ફરિયાદીને આરોપી સાથે સમાધાન થયેલાનું જાહેર થતા, **ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧** ની **કલમ-૧૪૭** મુજબ ગુનો સમાધાન પાત્ર હોવાથી **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૩૫૯(૧)** મુજબ હાલની ફરિયાદ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે.

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૮૩(૧)** અન્વયે આ કામના આરોપીને **ધી  નેગોશિયેબલ ઈસ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮** મુજબના શિક્ષાને પાત્ર ગુનાના કામેથી **નિર્દોષ ઠરાવી** મુક્ત કરવામાં  આવે છે.

હુકમ આજ **તારીખ ૧૮ મી, એપ્રિલ - ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:૧૮/૦૪/૨૦૨૬** **(આર. બી. સોલંકી)**

**સ્થળ:અમદાવાદ** **૦૭માં એડી.ચીફ જ્યુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,**

કોર્ટ નં.૫૧,અમદાવાદ શહેર.

કોડ નંબર-**GJ**-01009.